**PAGE NO.11**

**શરૂ–૧૨:૪૨, પુર્ણ–૦૧:૦૮**
**સોગંદ આપ્યા.....**

<u>સામાવાળા વિશ્વાસભાઈ બટુકભાઈ જોષીની આંક–૧૬ની સરતપાસ લગત વધુ ઉલટ તપાસ સામાવાળા નં. ૧, ૨ તરફે વિ. વ.શ્રી એન.યુ.સોલંકી.</u>

(૨) લગ્નના આઠ વર્ષ બાદ અરજદાર સાથે અલગ મકાન લઈને મારી ફોઈબાથી અલગ રહેવા ગયેલા. અરજદાર અગાઉ કેટલી વખત રીસામણે ગયેલા તેની મે ગણતરી કરેલ નથી. એ વાત ખરી નથી કે મારે અન્ય યુવતી સાથે પ્રેમ સબંધ છે. એ વાત ખરી નથી કે હું અન્ય યુવતી સાથે ફરવા પણ જતો હતો અને જમવા પણ જતો હતો. એ વાત ખરી નથી કે હું અન્ય યુવતી સાથે મેસેજમા પર્સનલ વાતચીત પણ કરતો હતો. એ વાત ખરી નથી કે હું આ કામના અરજદાર અને મારી લગ્ન જીવનની પર્સનલ વાતો કરતો હતો. મે પો.સ્ટે.મા જે ફરીયાદ આપેલી તે પહેલા અમારા અરજદાર સાથેના લગ્ન જીવન દરમ્યાન મે પો.સ્ટે.મા બીજી કોઈ ફરીયાદ આપેલ છે કે કેમ તેનો મને ખ્યાલ નથી.
સવાલ:– આ કામના અરજદારના ઘરેણા તમે આપી દો તો અરજદાર તમારી સાથે રહેવા આવવા તૈયાર છે તો તમે તેડવા તૈયાર છો?
જવાબ:– ના.
એ વાત ખરી છે કે મારા સાસુ વિધવા હોવા છતા મારી પત્ની અને મારા પુત્રની ભરણપોષણની તમામ જરૂરીયાતો મારા સાસુ પુરી પાડે છે. એ વાત ખરી નથી કે મારા સાસુ મજુરીકામ કરે છે. મારા સાસુ શુ કામ ધંધો કરે છે તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે અરજદારને ભરણપોષણની ઘરેલુ હીંસાના કાયદા મુજબ તમામ સવલતો ન મળે તે માટે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે મારે અન્ય યુવતી સાથે પ્રેમ સબંધ હોવાથી, હું અન્ય યુવતી સાથે ફરવા પણ જતો હોવાથી અને જમવા પણ જતો હોવાથી હું અન્ય યુવતી સાથે મેસેજમા પર્સનલ વાતચીત કરતો હોઉ અને આ કામના અરજદાર અને મારી લગ્ન જીવનની પર્સનલ વાતો કરતો હોવાથી હું અરજદારને તેડવા માગતો નથી.
ફેરતપાસ નથી.
**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૦૬/૦૨/૨૦૨૬**
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.